ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૩ ટકા

**ગાંધીનગર તાપમાન**

# ગરમી જામતા ઠેર ઠેર શેરડીના કોલા-શરબતની લારીઓ

## બપોરથી લઈ મોડી રાત સુધી જામતી ભારે ભીડ



ગાંધીનગર, તા. ૨

ઉનાળો ધીમે ધીમે જામી રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૦-૪૧ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આકરી ગરમી અને આકરા તડકાથી બચવા માટે વસાહતીઓ-રાહદારીઓ શેરડીનો રસ-લીંબુ શરબત અને બરફગોળાનો સહારો લઈ રહ્યા છે. શહેરની લગભગ દરેક નાની મોટી ચોકડી પર રસના કોલા ગોઠવાઈ ગયા છે. જયાં આખો દિવસ ભીડ રહે છે.

ગરમી તેનો અસલ મિજાજ બતાવી રહી છે. દિવસે અને રાત્રે આકરી ગરમી અનુભવાય છે. ગરમીથી રાહત મેળવવા રાહદારીઓ જાતભાતના નુસ્ખા અપનાવે છે. ગરમી અને તડકાના કારણે શરીરમાંથી પાણીનું પ્રમાણ ઓછું થઈ જાય છે. પાણી ઓછું થતાં શરીરમાં થાક અનુભવાય છે. થાકને દૂર કરવા અને ગરમીથી રાહત મેળવવા વસાહતીઓ ઠંડા પીણા-શરબતનો સહારો લે છે.

ગરમીના પ્રારંભ સાથે જ શહેરમાં ઠેર ઠેર શેરડીના કોલા શરુ થઈ ગયા છે. મશીનથી બનતા રસના કોલા અને હાથથી બનતા રસના કોલા શહેરના દરેક નાકે જોવા મળે છે. ઘ અને ચ રોડ જેવા મુખ્ય માર્ગોની આસપાસ પણ રસના કોલા અને લીંબુ શરબતની લારીઓ ગોઠવાઈ ગઈ છે. ભરબપોરે પણ અહીં લોકોની ભીડ જોવા મળે છે. શહેરની મુલાકાતે આવતા મુલાકાતીઓ અને રાહદારીઓ અચુક રચના કોલા પર જોવા મળી જાય છે. મોડી સાંજે ગરમીથી રાહત મેળવવા આંટો મારવા નીકળનાર વસાહતીઓ શેરડીનો રસ નિયમિત ગટગટાવતા જોવા મળે છે.

શેરડીના રસની જેમ જ લીંબુ શરબત અને લીંબુ શીંકજીની લારીઓ ઠેર ઠેર જોવા મળી રહી છે ત્યાં પણ આખો દિવસ ભીડ જોવા મળે છે. શહેરના સ્વર્ણિમ પાર્કની આસપાસની રોનક ઉનાળામાં એક નવું જ સ્વરૂપ ધારણ કરે છે. સ્વર્ણિમ પાર્કમાં તો ભીડ રહે જ છે પણ સાથે સાથે આસપાસના બંને માર્ગો પર ખડકાઈ જતી બરફગોળાની લારીઓ, શરબતની લારીઓ પર વસાહતીઓ ભારે ભીડ જમાવે છે. આઈસક્રીમ અને સોડાનું વેચાણ કરતી મીની ટ્રક અને વાન પણ શહેરમાં ઠેર ઠેર જોવા મળે છે તેનું વેચાણ ઉનાળાની આકરી ગરમીમાં બમણું થઈ ગયું છે. આઈસક્રીમ પાર્લરો પર નિયમિત ગ્રાહકોની ભીડ જામે છે.




વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ અંતર્ગત સી.એમ.પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી દ્વારા ન્યુરો પીડીયા વિભાગ દ્વારા ઓટિઝમ વિશે માહિતી આપતો એક કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં ૩૫ જેટલા દર્દીઓ અને ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું માર્ગદર્શન કોલેજના પ્રિન્સીપાલ ડો.ડે.વૈતીયાનાધન દ્વારા આપવામાં આવ્યું હતું.

# ઉનાળાને પગલે સિવિલમાં પાણી અને લાઈટનો બગાડ ન કરવા તંત્ર દ્વારા અપાયેલ લેખિત સુચના

ગાંધીનગર, તા. ૨

ઉનાળાનો પ્રારંભ ધીમી ગતિએ થઈ ગયો છે. અત્યારથી જ આકાશમાં અગનગોળા વરસી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ગરમીથી રાહત મેળવવા દરેક નાગરીક પંખા, કુલર અને એસી ઓન કરી રાહત મેળવે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સિવિલ તંત્ર દ્વારા સિવિલમાં પાણીનો થતો બગાડ અટકાવવા અને જરૂરીયાત ના હોય તો લાઈટ પંખા બંધ રાખવા માટે લેખિત સુચના દરેક વિભાગમાં આપવામાં આવી છે. સિવિલ તંત્ર દ્વારા ઉનાળામાં પાણી અને લાઈટનો બચાવ થાય તેવા ઉમદા હેતુ થી આ અનોખી પહેલ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાંચ માળની ઓપીડી, નવી બિલ્ડીંગ, સહિતના વિભાગોમાં શૌચાલય-બાથરૂમમાં સહિતના સ્થળો પર જરૂરીયાત વિના પાણીનો થતો બગાડ અટકાવવો. નળમાંથી સતત પાણી ટપકતુ જણાય તો તાત્કાલીક જાણ કરવી જેથી પીઆઈયુ વિભાગ દ્વારા તેનુ નિરાકરણ લાવી શકાય, તે ઉપરાંત મોટર શરુ કર્યા બાદ હજ્જારો લીટર પાણી ટાંકી ભરાઈ જતા વેડફાટ થાય છે. જેને પગલે ગણતરીની મિનીટ સુધી મોટર શરુ કરીને પાણીની ટાંકી ભરી દેવી. જેથી પાણીનો બગાડ થાય નહી. પાણીનો બગાડ અટકાવવા માટે દરેક વિભાગને સુચના આપવામાં આવી છે. તો બીજીતરફ ઉનાળાને પગલે સિવિલના લાઈટ બિલમાં પણ તોંતિગ વધારો જોવા મળે છે. જેને અનુલક્ષી તેમાં પણ તમામ વિભાગમાં લેખિત સુચના આપવામાં આવી છે કે બિન જરુરી ફરતા પંખા-લાઈટ અને એસી બંધ કરવા આ દરેક કર્મચારીની ફરજ છે. ઓફિસ છોડીને બહાર નીકળતી વખતે દરેક કર્મચારીઓ લાઈટ તેમજ પંખા બંધ કરવા. જેને પગેલ લાઈટ બિલમાં આંશિક ફેરફાર જોવા મળી શકે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા ઉનાળાને પગલે લાઈટ અને પાણીના બચાવ માટે તંત્રની અનોખી પહેલ બિરદાવવા લાયક છે ત્યારે કર્મચારીઓએ પણ લેખિત સુચનાને ધ્યાને રાખીને પાણી અને લાઈટનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો આવશ્યક છે.

# લોકરક્ષકની ભરતીનું મેરીટ ઓપરેટ કરવા ઉચ્ચકક્ષાએ ઉમેદવારોની રજુઆત

ગાંધીનગર, તા. ૨

લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭માં સરકાર દ્વારા ૧૭૫૩૨ ની સંયુકત ભરતી પ્રકિયા હાથ ધરવામાં આવી હતી. જે ભરતીનું ૨૦ ટકા લેખે વેઈટીંગ પણ રાખવામાં આવ્યું હતું. જે પૈકી ઉમેદવારોએ વેંઈટીગ ઓપરેટ કરવા માટે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી હતી. પરંતુ આજ દિન સુધી ઉમેદવારોની લાગણીને તંત્ર દ્વારા ધ્યાને લેવામાં આવી નથી. આજની સ્થિતિએ નોંધપાત્ર જગ્યાઓ ખાલી હોવા છતા પ્રતિક્ષાયાદીના ઉમેદવારોને નિમણુંક ન આપીને આ તમામ ઉમેદવારો સાથે અન્યાયની નિતી અપનાવાઈ રહી હોય તેમ ઉમેવારોને લાગી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજય સરકાર દ્વારા ૨૦૧૮ માં જયારે પોલીસની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી કે ૨૦ ટકા વેઈટીંગ લીસ્ટ ભરાય નહીં ત્યાં સુધી નવી ભરતીની જાહેરાત નહી કરવામાં આવે. તેમ છતા રાજય સરકાર દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને સરકારે ૨૦૧૬-૧૭ ની નોંધપાત્ર જગ્યાઓ ખાલી હોવા છતા વર્ષ ૨૦૧૮માં લોકરક્ષકની નવી જાહેરાત બહાર પાડવામાં આવી છે. આથી જુની પડેલી નોંધપાત્ર ખાલી જગ્યાઓ સરકારે નવી ભરતીમાં ઉમેરીને તમામ પ્રતિક્ષાયાદીના ઉમેદવારો સાથે અન્યાય થવા પામ્યો છે. તો સરકારને આ તમામ વેઈટીંગની જગ્યાએ જે હાલમાં ખાલી પડી છે તે ભરવા માટે તમામ પ્રતિક્ષા યાદીના ઉમેદવારોની લાગણી અને માંગણી છે.

# શહેરમાં ચૂંટણીની ચર્ચાએ જોર પકડયું

## યોગ્ય ઉમેદવાર ચૂંટાય તે માટે મતદાન જરુરી હોવા સાથે નાટોથી ત્રીજો ફાવે તેવી વિવિધ રસપ્રદ ચર્ચાઓ શરૂ

ગાંધીનગર, તા. ૨

દેશભરમાં વિવિધ તબક્કાઓમાં લોકસભાની યોજાનારી ચૂંટણી એ હાલ હોટ ફેવરીટ વિષય બન્યો છે ત્યારે રાજયના પાટનગરમાં ચોરે ચૌટે ચૂંટણીની ચર્ચાઓએ જોર પકડયું છે. વિવિધ મુદ્દાઓ ઉપર સૌ કોઈ પોતપોતાનું મંતવ્ય આપી આ ચૂંટણીમાં વિજેતા કોણ બનશે અને ગુજરાતમાંથી કેટલી બેઠકો પ્રાપ્ત થશે તેવી ચર્ચાઓ કરી રહ્યા છે. જો કે યુવાધનમાં યોગ્ય ઉમેદવાર ચૂંટાય તે માટે મતદાન ફરજીયાત કરવું જોઈએ અને નાટોથી ત્રીજો જ ફાવે તેવો રસપ્રદ મુદ્દો ચર્ચાએ ચડયો છે.

દેશના નાગરિકોમાં હવે જાગૃતતાનું પ્રમાણ ખુબ વધવા માંડયું છે. કોઈ પણ વિષય હોય દેશનો જાગૃત નાગરિક યોગ્ય અને અયોગ્ય એમ બે પાસાનો વિચાર કરી પોતાનું યોગદાન આપે છે. આ ઉપરાંત તમામ વિષયોને ધ્યાનમાં રાખીને જ મતદાન થતું હોવાનું આંકડાઓ ઉપરથી લાગી રહ્યું છે. હાલ લોકસભાની ચૂંટણી અંગેની પ્રક્રિયા થઈ રહી છે ત્યારે લોકો ૨૦૧૪માં થયેલી લોકસભાની ચૂંટણી સમયે કયા પરિબળો કામ કરતા હતા અને ૨૦૧૯ની ચૂંટણીમાં તેની કેવી અસરો થશે તેવા રસપ્રદ વિષયો સાથે મોડી રાત્રિ સુધી નાગરિકો સંવાદ કરી રહ્યા છે.

જો કે ગુજરાતમાં બે પક્ષો વચ્ચે જ હરહંમેશ સીધો જંગ થયો છે અને કેટલાક વિસ્તારમાં યોગ્ય ઉમેદવાર અથવા તો સ્થાનિક કામગીરીના કારણે અપક્ષ કે અન્ય પક્ષના ઉમેદવાર ચૂંટાયા હોય તેવું બન્યું છે. જેથી અત્યારની થઈ રહેલી ચર્ચાઓમાં સક્ષમ ઉમેદવારને ચૂંટવા માટે મતદાન કરવું આવશ્યક હોવા ઉપર ભાર મુકાઈ રહ્યો છે ત્યારે નાટોથી થયેલા વિશ્લેષણમાં જણાયું છે કે ત્રીજો ફાવી જાય છે તેવી ચર્ચા પણ ઉઠી છે. જો કે ચૂંટણી પંચ દ્વારા આચારસંહિતાના કડક પાલનથી ચૂંટણી પ્રચારમાં અતિરેક અટકયો હોવાનું અને નાગરિકોને નિર્ભય મતદાન માટે પ્રેરણા મળી હોવાની ચર્ચા વિશેષ રહી છે.

# દહેગામનો લીસ્ટેડ બુટલેગર પાસા હેઠળ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં દારુ-જુગારની ગેરકાયેદસર પ્રવૃતિને અટકાવવા આ પ્રવૃતિઓ આચરતા અસામાજીક તત્વો પર કડક કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ અધિક્ષકે કાર્યવાહી હાથ ધરી છે. આ સુચના અન્વયે અસામાજીક તત્વો પર પ્રિવેન્સન અગેઈન્સ્ટ એન્ટી સોશ્યલ એકટીવીટીઝ (પાસા) હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીનગર એલસીબી દ્વારા ગઈકાલે જિલ્લા મેજીસ્ટ્રેટની મંજુરી મેળવી દહેગામના વધુ એક લીસ્ટેડ બુટલેગરને પાસા હેઠળ ધકેલ્યો છે.




ગાંધીનગર એલસીબી પીઆઈ નીરજ પટેલની ટીમે દહેગામ વિસ્તારમાં મોટાપાયે વિદેશી દારુનું વેચાણ કરતા સુરદિપસિંહ ઉર્ફે સુરભા ભાવસિંહ પ્રદિપસિંહ ઝાલાની હીસ્ટ્રી તપાસી તેની સામે પાસાની કાર્યવાહી કરવા દરખાસ્ત તૈયાર કરી હતી. હે.કો.વિરભદ્રસિંહે પાસાની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. મેજીસ્ટ્રેટે આ બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરવા વોરંટ ઈસ્યુ કર્યો હતો. ગઈકાલે પીએસઆઈ એમ.જે.શિંદેની ટીમના હે.કો.જયવિરસિંહ, સંદિપકુમાર, તથા કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ સહિતનો સ્ટાફ વોરંટની બજવણી માટે પેટ્રોલીંગમા હતો ત્યારે બાતમીના આધારે આ ટીમે બુટેલગર સુરદિપ ઉર્ફે સુરભાને પકડી પાડ્યો હતો અને એલસીબી કચેરી લાવ્યા હતા. તેની પાસા હેઠળ અટકાયત કરી પોલીસ જાપ્તા સાથે રાજકોટ સેન્ટલ જેલ હવાલે મોકલી આપ્યો છે. આ શખ્સ વિરુધ્ધ ગત વર્ષમાં પ્રોહિબિશન એકટ હેઠળ પાંચ ગુનાઓ દાખલ થયા હતા.



વોર્ડ પ્રમુખની આગેવાની હેઠળ મહાનગરના હોદ્દેદારો તેમજ અગ્રણી કાર્યકર્તાઓ દ્વારા ભાજપને જીતાડવા સે-૧ ૩/એ ખાતે પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો.

# શિહોલી મોટી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી પ્રાથમિક શાળા ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જિતેન્દ્રકુમાર એમ. મોદી, ગામના સરપંચ હીરાબેન પટેલની ઉપસ્થિતિમાં મતદાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગામના યુવાનો, વાલીઓ વગેરેએ હાજર રહી સો ટકા મતદાન કરવાના સમુહ શપથ લીધા હતા.

લોકશાહીમાં મતદાનનું મહત્વ દર્શાવતી વિડીયો કલીપ વાલીઓને શાળામાં બતાવવામાં આવી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ. મોદી સાહેબે લોકશાહીના પર્વમાં મતદાનના મહત્વ વિશે વકતવ્ય રજૂ કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય વૈશાલીબેન તથા ઉપાચાર્ય આશાબેન પટેલ દ્વારા વિશેષ વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. શાળા પરિવારે સો ટકા મતદાન કરવા માટે સહી ઝુંબેશ કરી હતી.

## @ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળના સભ્ય સૂર્યપ્રસાદ જાનીના નિવાસસ્થાન એ-૧૮ ભૂમિપાર્ક સોસાયટી, વાવોલ ખાતે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન રૂદ્રાભિષેક યોજાશે.

# બ્રાહ્મણ જીવનસાથી પસંદગી સંમેલન જુનમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨

બ્રાહ્મણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા બ્રાહ્મણ સમાજ માટે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત બ્રાહ્મણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર અને આજુબાજુના વિસ્તારના ફકત બ્રાહ્મણ પરિવારો માટેનું નિ:શુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન ગાંધીનગર ખાતે જુન મહિનામાં યોજાનાર છે. જેના ફોર્મ માટે મો. ૯૩૭૬૧૩૧૬૦૩ પર વ્હોટસએપ મેસેજ કરવા સંયોજક કેતનભાઈ ઉપાધ્યાયે જણાવેલ છે.

# ગાંધીનગર ખાતે ઉડીશા સ્થાપના દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં સેકટર-૨૨ રંગમંચ ખાતે રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીની અધ્યક્ષતામાં ૮૪મો ઉડીશા સ્થાપના દિવસ ઉજવાયો હતો. રાજ્યપાલ શ્રી કોહલીએ ઉડીશા પરિવારોને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, ઉડીશા રાજ્યની સ્થાપના ૧લી એપ્રિલ-૧૯૩૬ના રોજ ભાષા આધારિત થઈ હતી. ત્યારથી આજદીન સુધી ઉડીશા રાજ્ય એ ઈતિહાસ, સંસ્કૃતિ, સાહિત્ય વગેરે ક્ષેત્રોમાં ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાત અને ઉડીશા વચ્ચે ઘણી સમાનતા છે. બન્ને રાજ્યોમાં મેળાઓ અને તહેવારોનું અનોખું મહત્વ છે. બન્ને રાજ્યો લાંબો દરિયા કિનારો અને પ્રાકૃતિક સૌંદર્ય ધરાવે છે. બન્ને રાજ્યની પ્રજા ઉત્સવ પ્રિય છે.






તેમણે ઉમેર્યુ કે, દેશ-વિદેશના લોકો ઉડીશાના ઈતિહાસને સમજે અને જાણે તે માટે ઉડીશાનો ઈતિહાસ વિવિધ ભાષાઓમાં સરળતાથી ઉપલબ્ધ થાય તેવું કાર્ય કરવું જોઈએ. ગુજરાતમાં વસતા ઉડીશી લોકોને તેમણે સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉડીશા પરિવારના દીકરા-દીકરીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની એડવાઈઝરી કમિટિના સભ્ય શ્રી ડૉ.એસ.કે.નંદા, જસ્ટીસ શ્રી પી.પી.ભટ્ટ, સ્ટેટ વિજીલન્સ કમિશનર શ્રી એચ.કે.દાસ, ગાંધીનગર ઉડીયા સમાજના પ્રમુખ શ્રી એસ.કે.મિશ્રા તથા જનરલ સેક્રેટરી શ્રી સાહુ સહિત સમાજના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી સોનીબેન બલાજી, ઉ.વ. ૬૩
- સ્વ. સવિતાબેન સોમાભાઈ પટેલ, ઉ.વ. ૮૨